Copy for M.R.M. [signature]

K. B. PATEL
2098 MOTA WAGHJI PARA
DARIAPUR
AHMEDABAD

4540

2-5-68

To.
Mr. N. Dandekar

Mr. K.B. Patel was the office secretary in Ahmedabad Sw. P. office

Now he is a member of Gujarat Sw. P. State Council and is also the Gen. Sec. of Mehsana Zilla Sw. P.

Mr. Patel says that Rs. 5000/= are due to be paid to him towards his salary as the office secretary of Ahmedabad Sw. P. office, and also towards certain expenses which he incurred on behalf of Ahmedabad office.

Mr. Patel has enclosed copies of letters written by Mr. Jashbhai Patel and Mr. Narendrasinh Jhala to Mr. H.M. Patel, with a request to pay.

કે. કે.બી. પટેલ,
મંત્રી,
મહેસાણા જીલ્લા સ્વતંત્ર પક્ષ,

૨૦૬૯ મોટા વાઘજી પરા,
દરિયાપુર, અમદાવાદ.
----------------------------
તા.૧-૫-૬૮

સ્નેહી શ્રી દડિકર સાહેબ,

કુશળ હશો.

ગુજરાત સ્વતંત્ર પક્ષની અમદાવાદ ખાતેની પક્ષની મધ્યસ્થ કચેરીએ હું લગભગ છેલ્લા આઠેક વર્ષથી ઓફીસ સેક્રેટરી તરીકે કાર્ય કરતો હતો. મારી આ જગ્યાએથી હું પક્ષની તાજેતરમાં જ થયેલ નવી ચૂંટણીઓ સમયે પક્ષમાં સક્રિય કાર્ય માટે મારી ઓફીસ સેક્રેટરીની જગ્યાએથી છુટો થયેલ અને અત્યારે હું રાજ્ય કાઉન્સીલમાં સભ્ય, અને મહેસાણા જીલ્લા સ્વતંત્ર પક્ષમાં જનરલ સેક્રેટરી તરીકે કાર્ય કરું છું.

હું જયારે ઓફીસ સેક્રેટરીની જગ્યાએ હતો ત્યારે મારે અમદાવાદ ખાતે રહેતાં પક્ષનાં બે જોઈન્ટ ~~જનરલ~~ સેક્રેટરી શ્રી જશભાઈ પટેલ બેરીસ્ટર અને શ્રી નરેન્દ્રસિંહ ઝાલા ની દેખરેખ નીચે કાર્ય કરવાનું હતું. આ સમય દરમિયાન અમદાવાદની કચેરીનાં ખર્ચ માટે મુંબઈની સેન્ટ્રલ ઓફીસ તરફથી પક્ષનાં ખજાનચી શ્રી છોટાલાલ પી. પટેલ દ્વારા રૂપિયા ૭૦૦ ની રકમ આપવામાં આવતી હતી. આ રકમ સિવાય ઓફીસનાં ખર્ચ માટે બીજી કોઈ ચોક્કસ નાણાંકિય જોગવાઈ કરવામાં આવી ન હતી પરંતુ કેટલાક સંજોગોમાં જેવા કે એકાએક ઠંકકોલ અને ટેલીફોનનાં બિલો તથા પક્ષની મીટીંગો વિગેરે સમયે પક્ષ પાસે રકમ ન હોય તો હું પક્ષનાં સહમંત્રી શ્રીનું આ બાબત તરફ ધ્યાન દોરી મારી પોતાની રકમ ખર્ચતો હતો.

વિશેષમાં સામાન્ય ચૂંટણીઓ સમયે પક્ષનાં બંન્ને સહમંત્રી ઉમેદવારો હોવાને કારણે પોત પોતાના મતદાર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કાર્ય અંગે અમદાવાદ બહાર ચાલ્યા ગયા હતા. બેન્કમાંથી નાણાં ઉપાડવા માટે બંન્નેની જોઈન્ટ સહી જરૂરી હતી. પરંતુ તેઓની ગેરહાજરીને કારણે તેમજ કેટલાક સંજોગો માં બેન્કનાં પક્ષનાં ખાતામાં બેલેન્સ નહી હોવાને કારણે ૨...

પણ મારે અનિવાર્ય સંજોગોમાં મારી પોતાની રકમ વાપરવી પડી છે. સામાન્ય ચૂંટણીઓ સમયે ચૂંટણીનું બધું જ કામકાજ અમદાવાદ ખાતેની મધ્યસ્થ કચેરી દ્વારા કરવામાં આવતું તે સમયે પક્ષનું સાહિત્ય તેની વહેંચણી સેન્ટ્રલ ઓફીસેથી આવેલ સાહિત્યની વહેંચણી, તેમજ ટ્રંકકોલ અને ટેલીફોન, પોસ્ટેજ તેમજ સ્ટેશનરીનો ખર્ચ ઘણોજ વધારે હતો પરંતુ પક્ષનાં નેતાઓ તરફથી આ ખર્ચ અંગે ખાસ જોગવાઈ કરવામાં આવી નહતી. પરંતુ આવા કપરા સંજોગોમાં પણ મેં પક્ષ પ્રત્યે વફાદારી પૂર્વક મારા પોતાના નાંણા રોકી કાર્ય કરેલ છે આ ઉપરાંત ઓફીસનાં માસિક હિસાબનાં રીપોર્ટ મારી અને સહમંત્રી શ્રી નરેન્દ્રસિંહ ઝાલાની સહી કરી મુંબઈ સેન્ટ્રલ ઓફીસ અને વલ્લભવિદ્યાનગર ખાતેની શ્રી એચ. એમ. પટેલની ઓફીસને મેં જે દિવસે ચાર્જ શ્રી હરકાન્ત શુક્લને ચુકવને સોંપ્યો તે માસ સુધીનાં હિસાબો મોકલી આપેલ છે.

આ પ્રમાણે મારી અંગત રકમ પક્ષનાં ચોપડે રૂ.૫૦૦૦, પાંચ હજાર લગભગ મારે લેવાનાં નિકળે છે તે રકમ મને ચૂકવવા માટે પક્ષનાં બંન્ને સહમંત્રીશ્રીઓએ નવા ચૂંટાયેલા પ્રમુખ શ્રી એચ. એમ. પટેલને પત્ર દ્વારા જાણ પણ કરી હતી. આમ છતાં પણ આ અંગેની કોઈપણ કાર્યવાહી કરવામાં આવતી નથી એટલું જ નહિ પરંતુ આ અંગે મેં શ્રી એચ. એમ. પટેલ સાહેબને લગભગ દશ કરતાં પણ વધારે પત્રો લખવા છતાં પણ એક પણ પત્રનો તેઓશ્રીએ જવાબ આપેલ નથી તેથી ઘણુંજ દુઃખ થાય છે. બીજું શ્રી ભાઈકાકા ને પણ આ બાબતની જાણ કરી હતી. અને તેમણે મારી આ રકમ એક માસમાં જ મને આપી દેવા માટે શ્રી નવીનભાઈ પટેલ અને શ્રી ઝાલાની રૂબરૂમાં વચન આપ્યું હતું આ અંગે લગભગ આઠ આઠ માસ થવા છતાં વારંવાર વિનંતીઓ છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી નહી થતાં શ્રી ભાઈકાકાનો મેં આ બાબત તરફ તા.૨૪-૪-૬૮ના રોજ પત્ર દ્વારા ધ્યાન દોર્યું હતું. પરંતુ દુઃખ સાથે લખવું પડે છે કે. શ્રી ભાઈકાકા તા.૩૦-૪-૬૮ના પત્ર દ્વારા મને જણાવે છે કે. મેં કે શ્રી ઝાલાએ આ અંગે મારી પરવાનગી લીધેલ નથી અગર તો તમારા બે માંથી કોઈએ મને કોઈપણ દિવસ હિસાબ

બતાવ્યો નથી.

મુરબ્બી શ્રી ભાઈકાકા જેવા આવી વાત કરે તેથી થોડુંક આશ્ચર્ય થાય છે. પક્ષનાં જે બે સહમંત્રીઓને તેમણે ગુજરાતની મહત્વના હોદ્દાની જવાબદારી સોંપી હતી તેમની સલાહ સૂચનાં પ્રમાણે મેં જે રકમ ખર્ચી તેનાં હિસાબો પણ તેની સહી સાથે મોકલી આપેલ છે અને અમદાવાદ ખાતેની મધ્યસ્થ કચેરીનાં કર્તા હર્તા તરીકે તેમની જ સૂચના પ્રમાણે ચૂંટાયેલાં સહમંત્રીઓ કાર્યકર્તા હતા. મારી આ રકમ સિવાય કેટલીયેઇ રકમ તેઓ શ્રી દ્વારા આવી છે અને તેમનીજ સૂચના પ્રમાણે મારા દ્વારા છેલ્લા અઢી વર્ષથી વપરાય છે. અને નવી ચૂંટણીઓ સંસ્થાકિય થઇ ત્યાં સુધી પક્ષનાં આ બંન્ને સહમંત્રીઓ જ અમદાવાદ ખાતેની ઓફિસને સંભાળતા હતા. શ્રી ભાઈકાકા તો કાયમ થીજ વલ્લભવિદ્યાનગર રહેતાં હતાં અને રહે છે. અને મારે પણ શ્રી ભાઈકાકાની સૂચના પ્રમાણે આ સહમંત્રીઓનાં હાથ નીચે કાર્ય કરવાનું હતું તેથી સ્વાભાવિક રીતેજ મેં બંન્ને સહમંત્રીઓની જ આ બાબત પરવાનગી લીધેલ હતી. આ સાથે પક્ષનાં બંન્ને સહમંત્રીશ્રીઓએ શ્રી એચ. એમ. પટેલને મને મારી રકમ ચૂકવવા માટે જે પત્રો લખેલ છે તેની નકલ મોકલું છું.

પક્ષ માટે જ્યારે ઉત્સાહથી કાર્ય કરી મારી પોતાની રકમ ખર્ચેલી છતાં પણ આજે લગભગ વર્ષ ઉપરનો પણ સમય થતા છતાં તે રકમ મને મળવી તો બાજુએ રહી પણ પક્ષનાં પ્રમુખશ્રી જેવા જવાબદાર, હોદ્દેદાર મારા હદ કરતાં પણ ક્યારેય વિનંતી પત્રનો જવાબ પણ ન આપે તે વધારે દુઃખદ હકીકત છે.

આપશ્રી આ બાબતમાં શ્રી એચ. એમ. પટેલ સાહેબનું ધ્યાન દોરી તે અંગે તાત્કાલિક ઘટતું કરવા વિનંતી કરશો.

મારા જેવા પક્ષનાં સામાન્ય કાર્યકરની આર્થિક મુશ્કેલી પણ આપ સમજી શકશો. મને આશા છે કે, આ બાબતમાં મારે આપશ્રીને પણ શ્રી એચ. એમ. પટેલ સાહેબની જેમ વારંવાર વિનંતી પત્રો લખવા નહી પડે.

આ અંગે જરૂરથી યોગ્ય કરશો. [illegible] કરશો.

આપનો વિશ્વાસુ

Ioth January '68
Ahmedabad -I -

My Dear Hirubhai,

Shri K. B. Patel has xxxxx to recover his amount from the Party, whatever is due on taking account. He tell me that the amount comes to about Rs. 5000/oo He is in need of this amount. I request you to see thxt that the amount is paid to him as early as possible.

Yours Sincerelly

( Jasbbhai )

અમદાવાદ,

શ્રી હીરૂભાઇ,

કે. બી. પટેલ, જે પક્ષ કાર્યાલય મંત્રી છે, તેમણે મને કહ્યું કે પક્ષનાં હિસાબમાં પક્ષને ચોપડે તેમની જે રકમ લેણી પડે છે તે તેમને આપવી. તેમણે તમને ૩-૪ કાગળો પણ લખ્યાં છે. અત્રેથી તો આ રકમ અપાઇ શકે તેમ નથી તો તે ત્યાંથી વહેલી તકે તેમને મળે તેવી તેમની વિનંતી વ્યાજબી છે. તેમને ધંધા માટે આ રકમની જરૂર છે તો મે. કરી તેમનો જે હિસાબ નીકળે તે                                   થાય તેમ કરશો.

શ્રી. એમ. એમ. પટેલ
વલ્લભવિદ્યાનગર

લી.

નરેન્દ્રસિંહ ઝાલાના ઘટીત.

# Swatantra Party

CENTRAL OFFICE

PHONE: 29687
GRAMS: SURAJYAM

SASSOON BUILDING,
143, MAHATMA GANDHI ROAD,
BOMBAY 1.


5th March, 1966.

GENERAL SECRETARY'S LETTER NO.115

Dear Friend,

The Central Parliamentary Board of the Party met in Madras on 26th and 27th February, 1966. Among other things, the Board reviewed the functioning of the scheme for the nomination of prospective candidates.

2. Arising out of this discussion, the Board decided that in view of the rapid onset of the General Elections, from now State